Received on :
Registered on:
Decided on :
Duration: Year Month Day

**પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં**

**સ્પે. (એટ્રો ) કેસ નં. ૬/૨૦૧૯**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

૧. મનસુખભાઇ જેઠાભાઇ મકવાણા, (એબેટ)
૨. મનીષ મનસુખભાઇ મકવાણા, ઉ.વ. ૩૩,
રહે. નરસંગ ટેકરી, સુદામા પરોઠા હાઉસ પાછળ, પોરબંદર.
૩. વિશાલ ઉર્ફે મુકેશ સુનીલભાઇ પરમાર, ઉ.વ. ૧૯,
રહે. કુતિયાણા, સુનારાવાસ, કુતિયાણા.
જી. પોરબંદર. .....આરોપીઓ.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ–૩૨૩,૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ– ૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ.**

:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::
**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી બી. બી. લાખાણી.**
:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપીઓ વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) ૩(૨)(૫–એ) તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આ કામના આરોપીઓએ તા. ૫–૧–૨૦૧૮ ના રોજ કલાક ૯–૧૫ થી કલાક ૯–૩૦ વાગ્યાના અરસામાં પોરબંદર કાવેરી હોટેલ પાસે રોડ ઉપર આ કામના ફરીયાદી તથા સાહેદ વિરમભાઇ શાકભાજી વેચવા ગયેલ ત્યારે રેકડી રાખવા બાબતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી લાકડી તથા પ્લાસ્ટીકની નળી વડે તેમજ ઢીકકાપાટુનો માર મારેલ અને તેમ કરવામાં એકબીજાને મદદગારી કરેલ અને મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી પોરબંદરના હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ કમલાબાગ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. સેકન્ડ ૧૮૦/૨૦૧૮ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન નોંધી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી

અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં. ૬/૨૦૧૯ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા આરોપીઓ વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–૧૩ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૪ થી આંક–૧૬ સુધી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીઓએ ગુન્હો કર્યાનો ઇન્કાર કરેલ છે, જેથી આરોપીઓ વિરુધ્ધ ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાઓ :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | મેરામણ ભીમાભાઇ ઓડેદરા | પંચ સાહેદ | ૨૩ |
| ૨. | ભગવાન છગનભાઇ સોલંકી | પંચ સાહેદ | ૨૫ |
| ૩. | વિરમભાઇ પરબતભાઇ | સાહેદ | ૪૭ |
| ૪. | પોપટભાઇ ગોવાભાઇ ચાંચીયા | સાહેદ | ૪૮ |
| ૫. | દિનેશ હરીશભાઇ મારુ | સાહેદ | ૫૪ |
| ૬. | ગીરીશ કાંતીલાલ દવે | સાહેદ | ૫૫ |
| ૭. | ડો. વિપુલ નાનાલાલ મોઢા | મેડીકલ ઓફીસર | ૫૭ |
| ૮. | મીરાબેન હરીભાઇ પઢીયાર | સાહેદ | ૬૦ |
| ૯. | રાજુભા બાપુભા જાડેજા | પોલીસ સાહેદ | ૬૪ |
| ૧૦. | વિનુભાઇ ખીમાભાઇ દેલવાડીયા | ત.ક.અ. | ૭૩ |
| ૧૧. | કેશુભાઇ ઢેબાભાઇ ગરેજા | પંચ સાહેદ | ૯૬ |
| ૧૨. | સુરેશભાઇ મગનભાઇ પટેલ | પોલીસ સાહેદ | ૯૭ |
| ૧૩. | અશોકકુમાર રાયચંદદાસ પટેલ | ત.ક.અ. | ૧૦૨ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૨૪ |
| ૨. | ફરીયાદ | ૪૯ |
| ૩. | ફરીયાદી તથા સાહેદનું ઇન્જરી સર્ટી. | ૫૮/૫૯ |
| ૪. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૬૧ |
| ૫. | તપાસનો ડે. હુકમ | ૬૫ |
| ૬. | ગુન્હાનો સ્પેશ્યલ રીપોર્ટ | ૬૬ |
| ૭. | સ્ટેશન ડાયરીની ઓન લાઇન નકલ | ૬૭ |
| ૮. | તપાસનો નિમણુંકનો હુકમ | ૭૪ |
| ૯. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૭૫ |
| ૧૦. | મુદ્દામાલ કબજે લીધાનું અને આરોપીનું અટક પંચનામુ | ૭૬ |
| ૧૧. | તપાસનો મેસેજ ફોર્મ | ૪૭ |
| ૧૨. | ફરીયાદીના અનુ. જાતિના દાખલાની નકલ, આધાર કાર્ડ, ચુંટણી કાર્ડ તથા ડ્રાયવીંગ લાયસન્સની નકલ | ૭૭ થી ૮૦ |
| ૧૩. | સાહેદના જાતીના દાખલાની નકલ, આધારકાર્ડ, ચુંટણી કાર્ડની નકલ | ૮૧ થી ૮૩ |
| ૧૪. | આરોપીઓના જાતીના દાખલાની નકલ, આધારકાર્ડ, ચુંટણીકાર્ડ તથા શાળા છોડયાના પ્રમાણપત્રની નકલ | ૮૪ થી ૯૪ |
| ૧૫. | તપાસનો હુકમ | ૧૦૩/૧૦૪ |
| ૧૬. | ફરીયાદીનું સારવાર સર્ટી. મળવા કરેલ યાદી | ૧૦૫ |
| ૧૭. | સાહેદને જાતીના પુરાવા રજુ કરવા કરેલ યાદી | ૧૦૬ |
| ૧૮. | ફરીયાદી તથા સાહેદના સારવાર સર્ટી. મળવા કરેલ યાદી | ૧૦૭ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૧૧૦ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીઓનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવનો કોઇ પુરાવો આપેલ નથી. અને આરોપીને તમારે વિશેષમાં કાંઈ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, કોઇ બનાવ બનેલ નથી. ફરીયાદીની જુબાની થઇ શકેલ નથી તે ગુજરી ગયેલ છે. ચાર્જશીટમાં અમારા વિરુધ્ધ કોઇ પુરાવો ન હોવા છતાં ખોટી રીતે સંડોવી દીધેલ હોય અમો કોઇ રીતે સંડોવાયેલા નથી. ખોટી ફરીયાદ હોય છોડી મુકવા અરજ છે. ''

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી બી. બી. લાખાણીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૫–૧–૨૦૧૮ ના રોજ કલાક ૯–૧૫ થી કલાક ૯–૩૦ વાગ્યાના અરસામાં પોરબંદર કાવેરી હોટેલ પાસે રોડ ઉપર આ કામના ફરીયાદી તથા સાહેદ વિરમભાઇ શાકભાજી વેચવા ગયેલ ત્યારે રેકડી રાખવા બાબતે આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સાથે બોલાચાલી કરી લાકડી તથા પ્લાસ્ટીકની નળી વડે તેમજ ઢીકકાપાટુનો માર મારેલ અને તેમ કરવામાં એકબીજાને મદદગારી કરેલ અને મહે. જીલ્લા મેજી. સાહેબશ્રી પોરબંદરના હથીયારબંધીના |

| | |
|---|---|
| | જાહેરનામાનો ભંગ કરી અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ) તથાા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**<u>મુદા નં. ૧ અને ૨ :–</u>**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૪ પોપટભાઇ ગોવાભાઇ ચાંચીયાને આંક–૪૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તુલશી મારો દીકરો થતો હતો. તુલશી સાથેનો બનાવ આશરે પાંચ થી છ વર્ષ પહેલા કાવેરી

હોટલ પાસે સવારે નવ સાડા નવ વાગ્યાની આસપાસ બનેલો અને બનાવ બાબતે મને મારા દીકરા તુલશીનો ફોન આવેલો અને મને જણાવેલ કે, હું અને વિરમ પરબત સાદીયા જીતો ગાડીમાં લારી તથા બકાલુ (શાકભાજી) લઇને આવેલા અને લારી કાવેરી હોટલે ઉતારેલી અને ત્યાં કાવેરી હોટલ પાસે શાકભાજીનો ધંધો કરતા મનસુખ જેઠા અને મનીશ મનસુખ અને એક અજાણ્યો શખ્સે એવુ કહેલ કે, તમે વણકર દલિત અહી વેપાર ના કરી શકો અહી અમે દેવીપૂજક જ ધંધો કરી શકીએ અને જેથી સામ સામે ઝઘડો કરેલો. સામે એ અજાણ્યો શખ્સ હતો તેણે લાકડી લઇને કમરના ભાગે મને મારેલુ અને મનીશ મનસુખે વાયરનુ હેન્ટર જેવુ હતુ તેનાથી ગળાના ભાગે મારેલ અને વિરમ પરબતને અજાણ્યા શખ્સે ઢીકાપાટુનો માર મારેલ. તેવી વાત કરતા હું સીધો કમલાબાગ પો.સ્ટે. ગયેલો અને મારો દીકરો તુલશી ભાવસિંહજી હોસ્પીટલે સારવાર લઇને આવેલો અને મારા દીકરા તુલશીએ ફરીયાદ આપેલી. મારો દીકરો તુલશી ૧૪ માસ પહેલા અવસાન પામેલ છે. તેમ જણાવી આંક-૪૯ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી બનાવ સમયે હું હાજર ન હતો. એ વાત ખરી છે કે હું મારી જ્ઞાતિનો સામાજિક કાર્યકર છુ. એ વાત ખરી છે કે મે અગાઉ ધરમપુર ગ્ર ામ પંચાયતના સરપંચ તરીકે પણ સેવા આપેલ છે. એ વાત ખરી છે કે અગાઉ એટ્રોસીટીની ફરીયાદ મે કરેલી હતી. એ વાત ખરી નથી કે અગાઉ કેશુભાઇ સીડા નામની વ્યકિત સામે એટ્રોસીટીની ફરીયાદ કરવા અરજી કરેલ હતી. એ વાત ખરી છે કે સમાજની કોઇ વ્યકિતને અન્યાય થતો હોય તો સામાજિક કાર્યકર તરીકે રજુઆત કરવા જાઉ છુ. મારા દીકરાનો ફોન મને નવ સાડા નવ વાગ્યે આવેલો હતો. એ

વાત ખરી નથી કે ત્યારબાદ હું દવાખાને ગયેલ હતો. એ વાત ખરી નથી કે દવાખાને પોલીસે ફરીયાદ લેવાની ના પાડેલી હતી. એ વાત ખરી નથી કે એ કારણે મારે પોલીસ ચોકીએ ફરીયાદ દાખલ કરાવવા માટે જવુ પડેલુ હતુ એ વાત ખરી નથી કે કમલાબાગ પો.સ્ટે. ફરીયાદ લેવાની ના પાડેલી હોય પરંતુ હું અમારા સમાજનો આગેવાન હોય, જેથી કોઇ બનાવ બનેલ ન હોવા છતા મારા દીકરાને વળત મળે તે હેતુથી ખોટી ફરીયાદ દાખલ કરાવેલ હતી. એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ વિરમભાઇ પરબતભાઇ સાદીયાને આંક-૪૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ જણાવે છે કે, તુલસી પોપટભાઇ ચાંચીયા(ફરીયાદી) મારો ભાણેજ થાય છે. તેની સાથેના બનાવને આશરે ચાર-પાંચ વર્ષ પહેલા બનેલો. હું આરોપી મનસુખ જેઠાભાઇ મકવાણાને નામથી ઓળખુ છુ. બનાવના અરસામાં કાવેરી હોટલ પાસે શાકભાજીની લારી રાખેલી હતી અને આરોપી મનસુખભાઇ પણ ત્યાં ફ્રુટ અને શાકભાજીની લારી રાખી વેપાર કરતા હતા. મને મનસુખભાઇ જેઠાભાઇ, મનિશ મનસુખ અને તેની સાથેના માણસોએ મને ત્યાં વેપાર કરવાની ના પાડેલી. આ સમયે મારો ભાણેજ તુલશી પણ ત્યાં હાજર હતો અને મારા ભાણેજ તુલશીએ પણ વેપાર ધં ધો કરવાની શા માટે ના પાડો છો ? તેમ કહેતા મનસુખભાઇ તથા તેની સાથેના બે જણાએ અમોને ગાળો કાઢેલી અને આજરોજ આરોપી હાજર છે તે આરોપીએ દોરડાથી મારા ભાણેજને ગળાના ભાગે મારેલુ અને સદર આરોપીની નામદાર કોર્ટ રૂબરૂ નામ પુછતા પોતે પોતાનુ મનિશ મનસુખ હોવાનુ જણાવે છે અને મને આરોપીએ ઢીકાપાટુનો માર મારેલો. મારો ભાણેજ તુલશીને મારની ઈજા થતા દવાખાને સારવારમાં ગયેલ અને બનાવ અંગેની તુલશીભાઈએ પોલીસ

ફરીયાદ કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે હું અને મારો ભાણેજ તુલશી છોટા હાથી લઈને ત્યાં ગયેલ હતા અને આ છોટા હાથી હિતેષાભાઈ મગરાનુ ભાડે રાખેલુ હતુ તેના નંબર મને યાદ નથી. આ છોટા હાથી તે જ દિવસ ` ભાડે રાખેલુ હતુ અને આ છોટા હાથી હિતેષ મગરા ચલાવતો હતો. એ વાત ખરી નથી કે તે દિવસે સવારે આ હિતેષ મગરાથી પોતાનુ છોટા હાથી આરોપીની રેકડી સાથે ભટકાડેલુ હતુ. એ વાત ખરી નથી કે તે કારણે ત્યાં સ્થળ પર બોલાચાલી થયેલી. અમો સ્થળ પર સવારે નવ સાડા નવે પહોચેલા હતા. એ વાત ખરી છે કે બનાવ વાળુ સ્થળ નેશનલ હાઈ–વે રોડ છે અને ત્યાંથી માણસો તથા વાહનોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે કાવેરી હોટલ વાળી બિલ્ડીંગમાં નીચે ચા–પાનની દુકાનો છે. મારા કહેવા મુજબ બનાવ સમયે ઘણા બધા માણસો ભેગા થઈ ગયેલા હતા. એ વાત ખરી નથી કે માણસો ભેગા થઈ ગયેલા તે લોકોએ છુટા પાડવાની કોશિસ કરેલી હતી. આ બનાવ દસેક વાગ્યાની આસપાસ બનેલો હતો. હું બનાવના સ્થળે ત્યાં જ રોકાયેલો હતો હું મારા ભાણેજ ભેગા દવાખાને ગયેલો નહી. આ બનાવ વખતે છોટા હાથી વાળો હિતેષાભાઈ ચાલ્યો ગયો હતો. મારો ભાણેજ ૧૦૮ માં જવાને બદલે પોતાની મો.સા. માં દવાખાને ગયેલો હતો. એ વાત ખરી છે કે મારા ભાણેજના પિતા પોપટભાઈ ગોવાભાઈ અમારી જ્ઞાતિના આગેવાન છે. તે પણ સ્થળ પર આવેલા હતા અને તે જગ્યા જોઈ અને પછી દવાખાને ગયેલા હતા. પોપટભાઈ બનાવ બન્યા પછી અડધી પોણી કલાક પછી આવેલા, તેઓને તુલશીએ ફોન કરેલો હતો. એ વાત ખરી છે કે આ ફરીયાદ સંબંધે મને પણ સરકાર તરફથી વળતર મળેલુ હતુ. આ વળતર મેળવવાની કામગીરી તુલશીએ કરેલી હતી. એ વાત ખરી નથી કે ફરીયાદ કર્યે તો

વળતર મળે તેની અમોને અગાઉથી જ ખબર હતી.ફરીયાદી તુલશીભાઇએ ફરીયાદ કયારે કરી તેની ચોકકસ મને માહિતી નથી. એ વાત ખરી છે કે મારી હાજરીમાં તુલશીએ કોઇ ફરીયાદ લખાવેલ હોય તેવુ બનેલ નથી. પોલીસ બનાવના દિવસે કાવેરી હોટલ પાસે સવારે દસ સાડા દસ વાગ્યે મારી પાસે આવેલ. ત્યારે પોલીસે અમો તથા આરોપીને જણાવેલ કે અહી જાહેર રસ્તો છે અહી વેપાર કરવાનુ નહી, તેવુ જણાવી પોલીસ અમોને પણ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં પોલીસ જીપમાં જ લઇ ગયેલા હતા. પોલીસ ચોકીમાં અમારી તથા આરોપીઓની પુછ પરછ કરેલી અને ત્યાં અમો ૧૦ થી ૧૫ મિનીટ રોકાયેલા હતા. એ વાત ખરી છે કે તે દરમ્યાન પોપટભાઇ પોલીસ ચોકીએ આવી ગયેલા હતા. એ વાત ખરી છે કે પોલીસ પ્રથમ ફરીયાદ લેવાની ના પાડતા હતા. એ વાત ખરી નથી કે પોપટભાઇએ માથાકુટ કરી તે બાદ અમારી ફરીયાદ લીધેલી. પોલીસે બંને પક્ષાની પુછ પરછ કરેલી હતી. એ વાત ખરી નથી કે પોલીસે માત્ર મારુ નામઠામ પુછેલુ હતુ. એ વાત ખરી નથી કે પોલીસને મે કોઇ વિગત જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પોલીસે મારો કોઇ જવાબ લીધેલો નથી. મારો ભાણેજ ફરીયાદી તુલશી દવાખાને ગયા બાદ ફરીથી બનાવવાળી જગ્યાએ આવેલો. ત્યારે તુલશી એકલો હતો. ત્યારે થોડીવાર ત્યાં રોકાયેલા હતા અને પોલીસ આવેલી હતી. એ વાત ખરી છે કે હુ દવાખાને ગયેલ નથી અને મે કોઇ સારવાર લીધેલ નથી. એ વાત ખરી નથી કે ખરેખર બોલાચાલી સિવાય બીજો કોઇ બનાવ બનેલ જ નથી હોય અને મને કોઇ ઈજા ન હોય જેથી હુ સારવાર લેવા ગયેલ નથી. એ વાત ખરી નથી કે ફરીયાદી તુલશી મારો ભાણેજ થતો હોય જેથી વળતર મેળવવા માટે થઇને આખી ખોટી ફરીયાદ ઉભી કરી અને બનાવ બનેલ ન હોવા છતા હું પણ ખોટી રીતે ઈજા પામનાર હોવાનુ જણાવી વળતર મેળવવાના હેતુથી ખોટી કાર્યવાહી કરેલ છે. એ વાત ખરી છે કે બનાવના દિવસે મને પોલીસ ચોકીએ લઇ ગયા બાદ પોલીસ ફરી મારી પાસે આવેલ નથી અને મારો જવાબ કોઇ લીધેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓને કાવેરી હોટલ ઉભવા દેવા ન હોય અને અમારે ત્યાં

ઉભીને વેપાર કરવો હોય જેથી આરોપીઓને ફસાવવા ખોટી જુબાની આપુ છુ.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ દિનેશ હરીશભાઈ મારુને આંક–૫૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, તુલશી પોપટભાઇ ચાંચીયા (ફરીયાદી) મારા મામાનો દિકરો થાય છે. બનાવ આશરે છએક વર્ષ પહેલા બનેલો. આ બનાવ કાવેરી હોટલ પાસે સવારના અરશામા બનેલ. બનાવ સમયે હુ કાવેરી હોટેલ નીચે આવેલ શકિત પાનની દુકાને હાજર હતો. ત્યારે તુલશી પોપટને બકાલાની લારી વાળા સાથે ઝગડો થયેલ. આ ઝગડો શાકભાઈની લારી રાખવા બાબતે થયેલ. ઝગડો થયેલ તે વ્યકિતને હુ જોઇએ ઓળખતો નથી. બનાવ બાબતે તુલશીભાઇએ પોલીસ ફરીયાદ કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી બનાવ સમયે હું હાજર ન હતો. આ બનાવ કોની સાથે બનેલ તેની મને ખબર નથી. હુ એ વ્યકિતને ઓળખતો પણ નથી. એ વાત ખરી છે કે પોલીસે મારુ નામ અને સહી કરવાનુ કહેતા મે સહી કરેલ છે. એ વાત ખરી નથી કે ફરીયાદી મારા મામાનો દિકરો થતો હોવાથી તેના સમથર્નમાં ખોટી જુબાની આપુ છુ.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ડો. વિપુલભાઇ નાનાલાલ મોઢાને આંક–૫૭ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, ગઈ તા. ૫/૧૦/૨૦૧૮ ના રોજ અમો ભાવસિંહજી હોસ્પીટલ ખાતે મેડીકલ ઓફિસર તરીકે અમારી ફરજ પર હાજર હતા ત્યારે સવારે ક. ૯/૩૫ વાગ્યે ચાંચીયા પોપટ તુલશીભાઇ ઉ.વ.૨૭, રહે. ધરમપુર વાળાએ કોઇએ માર મારતા પોતાની રીતે સારવાર માટે ભાવસિંહજી હોસ્પીટલે આવેલા હતા.

તેઓને તપાસતા તેઓ સભાન અવસ્થામાં હતા અને તેઓના જણાવ્યા પ્રમાણે કાવેરી હોટલની પાસે કોઇ અજાણ્યા માણસોએ ઢીકાપાટુ , લાકડી, પ્લાસ્ટીકની નળીથી તેને માર મારેલ છે, તેવુ જણાવેલ. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલી. ઈજા નં. ૧– દર્દીના પાછળના ભાગે પાંચમી વલ્ટેબ્રામાં નાનુ છોલાણ હતુ અને સામાન્ય સોજો હતો અને તેના ડાબા બાગ પર થપાટ મારેલ હોવાનુ જણાવેલ. સદર દર્દીના ટેમ્પરેચર અને રેસ્પીરેશન પ્રક્રિયા નોર્મલ હતી. આ ઈજાઓ બોથડ પદાર્થથી થઇ શકે તેવી હતી અને સાત થી નવ દિવસમાં જો કોઇ કોમ્પલીકેશન ન થાય તો સાજી થઇ જાય તેવી હતી અને ઈજાઓ તાજી હતી. આ દર્દીને બહારના દર્દી તરીકે સારવાર આપવામાં આવેલ હતી. ત્યારબાદ આજ દિવસ ે ક. ૯/૪૦ વાગ્યે સાદીયા વિરમ પરબત ઉ.વ.૩૮, રહે. ભારવાડા વાળા પોતાની મેડે કોઇએ માર મારતા સારવાર માટે આવેલા હતા. દર્દી સભાન અવસ્થામાં હતા અને દર્દીના જણાવ્યા પ્રમાણે કાવેરી હોટલ પાસે કોઇ અજાણ્યા માણસોએ થપાટ મારેલ છે અને ગળુ દબાવેલ છે તેવુ જણાવેલ. પરંતુ તેઓને તપાસતા તેના શરીર પર કોઇપણ જાતના ઈન્જરીના નિશાનો જોવામાં આવતા ન હતા. તેનુ ટેમ્પરેચર અને શ્વાસોશ્વાસની ક્રિયા નોર્મલ હતી તેમ જણાવે છે અને ફરીયાદી તથા સાહેદનું ઈન્જરી સર્ટી. આંક–૫૮ તથા આંક–૫૯ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે આ ઈજાઓ સામાન્ય હતી. એ વાત ખરી છે કે એબ્રેશનનઇ ઈજા કોઇ ખરબચડી જગ્યાના ઘર્ષણમાં આવે તો પણ થઇ શકે. એ વાત ખરી છે કે આ બંને દર્દીઓએ તેઓની હીસ્ટ્રીમાં કોઇ અજાણ્યા માણસો હતા તેવુ લખાવેલુ. એ વાત ખરી નથી કે મે પોલીસના કહેવાથી સારવાર સર્ટીફીકેટ જાતે તૈયાર કરેલ છે.

એ વાત ખરી નથી કે ખોટી જુબાની આપુ છુ.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ ગીરીશ કાંતીલાલ દવેને આંક–૫૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હુ તુલશી પોપટ ચાંચીયાને ઓળખતો નથી, બનાવ સમયે હુ રિક્ષામા શાકભાજીની ડિલવરી કરવા માટે એચ.એમ.પી. કોલોની સામે ગયેલો. ત્યા શુ બનાવ બનેલો તે હુ જાણતો નથી. બનાવ બાબતે હુ કાઈ જાણતો નથી. સદર સાહેદને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૭) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ મીરાબેન હરિભાઈ પઢ ીયારને આંક–૬૦ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, અમોએ સને–૨૦૧૫ થી સને–૨૦૧૯ સુધી જીલ્લા મેજીસ્ટ્રેટ કચેરી પોરબંદરની હોમ શાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવેલ તથા તા. ૧૩/૨/૨૪ થી જીલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદરની હોમશાખામાં કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ. હોમશાખામાં અલગ અલગ પ્ર કારની જાહેરનામા તથા હથિયાર લાયસન્સની કામગીરી કરવામાં આવે છે. ગઈ તા. ૧૭/૯/૨૦૧૮ ના રોજ પોલીસ અધિક્ષકશ્રી પોરબં દર દવારા ગુજરાત પોલીસ અધિ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયેનુ હથિયારબંધીનુ જાહેરનામુ પોરબંદર જીલ્લામાં પ્રસિધ્ધ કરવા દરખાસ્ત આવતા એમ.એ. પંડયા(આઇ.એ.એસ) જીલ્લા મેજીસ્ટ્રેટ પોરબંદર દવારા તા. ૨૪/૯/૧૮ થી તા. ૨૨/૧૦/૧૮ બંને દિવસો સહિત હથિયાર બંધીનુ જાહેરનામુ તા. ૨૪/૦૯/૨૦૧૮ ના રોજ સમગ્ર પોરબં દર જીલ્લા પોલીસ વિસ્તારમાં બહાર પાડવામાં આવેલ. સદરહુ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ અંગે જીલ્લાની વિવિધ કચેરીઓમાં

તથા સહાયક માહિતી નિયામકશ્રી માહિતી ખાતુ પોરબંદરને તમામ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવા તથા મેનેજરશ્રી સરકારી પ્રેસ રાજકોટને ગુજરાત ગેઝેટમાં પ્રસિધ્ધ કરવા નકલો મોકલવામાં આવેલ. સદર સાહેદે આંક–૬૧ થી હથીયારબંધીના જાહેરનામાની નકલ રજુ કરેલ છે.

(૧૮) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ સુરેશભાઇ મગનભાઇ પટેલને આંક–૯૭ થી તપાસેલ છે. સદર સાહેદના પુરાવામાં મુજબ તેઓએ ફરીયાદીની પોતાના રુબરુ ફરીયાદ લીધેલ અને આગળની કાર્યવાહી કરેલાનો પુરાવો આપે છે. ફરીયાદપક્ષે સદર ફરીયાદ અન્વયે ગુન્હો રજીસ્ટર કરનાર પોલીસ સાહેદ રાજુભા બાપુભા જાડેજાને આંક–૬૪ થી તપાસેલ છે તેઓના પુરાવા મુજબ તેઓએ પો.ઇ. એસ. એમ. પટેલનાએ પોતાના રુબરુ લીધેલ ફરીયાદ ગુન્હો જી. કરવા પો.સ્ટે. મોકલી આપતા તેઓએ ફરીયાદ અન્વયે ગુન્હો રજીસ્ટર કરેલ અને આગળની કાર્યવાહી કરેલ. ફરીયાદપક્ષે આ ગુનાની તપાસ કરનાર અમલદાર વિનુભાઇ ખીમાભાઇ દેલવાડીયાને આંક–૭૩ તથા ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આંક–૧૦૨ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પંચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજુ કરેલ તેમ

જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે મે પંચોની તૈયાર પંચનામામાં પાછળથી સહી લીધેલ છે. એ વાત ખરી છે કે બનાવ જાહેર રોડ પર બનેલ છે. એ વાત ખરી છે કે બનાવની પાસે કાવેરી હોટલ છે તથા તેની નીચે દુકાનો આવેલી છે. એ વાત ખરી છે કે આ રોડ પર માણસોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે અમોએ કોઇ દુકાનવાળાના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે કોઇ સરકારી દવાખાનામાં દાખલ થાય અને કોઇ ઈજા હોય તો દવાખાનામાં જ તેની ફરીયાદ લખાય જાય. એ વાત ખરી છે કે હાલના કામે ફરીયાદીએ કમલાબગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ લખાવેલ છે. એ વાત ખરી છે કે ફરીયાદીએ તેઓની ફરીયાદમાં કોઈ નામ લખાવેલા નહી. એ વાત ખરી નથી કે મે ખોટી રીતે મારી તપાસમાં હાલના આરોપીઓના નામ જોડી દીધેલ છે. એ વાત ખરી નથી કે અમોએ કોઈ સાહેદોના નિવેદન લીધેલ નથી ફરીયાદને અનુરૂપ પાછળથી સાહેદોના નિવેદન લખી લીધેલ છે. એ વાત ખરી છે કે આ કામે મુદામાલ તરીકે કોઈ દોરડુ કબજે કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખરેખર તો કોઈ બનાવ બનેલ જ ન હોય પરંતુ ફરીયાદીના પિતા તેની જ્ઞાતિના આગેવાન હોય અને તેઓએ ફોર્સ કરતા ખોટી ફરીયાદના આધારે ખોટી તપાસ કરી ખોટા પંચનામા તથા નિવેદન ઉભા કરી ખોટી કાર્યવાહી કરેલ છે. એ વાત ખરી નથી કે ખોટી જુબાની

આપુ છુ.

(૧૯) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાં કન કરવામાં આવે તો આ કામનું રેકર્ડ ધ્યાને લેતા આ કામના ફરીયાદી અવસાન પામેલ હોય તેઓનો પુરાવો રેકર્ડ પર ઉપલબ્ધ થઇ શકેલ નથી. આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોનો પુરાવો ધ્યાને લેતા અન્ય ઈજા પામનાર સાહેદ વિરમભાઈ પરબતભાઈ સાદીયાનો પુરાવો વં ચાણે લેતા તેઓએ ફરીયાદ હકીકત સમર્થન આપેલ છે અને મનસુખભાઈ તથા તેની સાથેના બે જણાએ તેઓને ગાળો કાઢ ેલી અને આરોપી નં. ૧ નાએ દોરડાથી તેમના ભાણેજ એટલ ે કે ફરીયાદીને ગળાના ભાગે મારેલાની હકીકત જણાવે છે. આમ સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા આરોપી નં. ૧ નાએ માર મારેલાની હકીકત જણાવે છે પરંતુ આ કામે આરોપી નં. ૧ અવસાન પામેલ હોય તેની સામેનો કેસ એબેટ કરવામાં આવેલ છે. સદર સાહેદના પુરાવામાં હાલના આરોપીઓના નામ સ્પષ્ટ રીતે જણાવવામાં આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ પોપટભાઇ ગોવાભાઈ ચાં ચીયા તેમના પુરાવામાં બનાવની હકીકતોને સમર્થન આપે છે પરંતુ સદર સાહેદની ઉલટ તપાસની હકીકતો ધ્યાને લેતા બનાવ તેઓએ નજરે જોયેલ નથી કે બનાવ સમયે તેઓ હાજર ન હતાં. બનાવની વાત તેમના દિકરા તુલશી એટલે કે ફરીયાદીએ કરેલ હોવાનું જણાવે છે પરંતુ ફરીયાદી અવસાન પામેલ હોય જેથી તેનો પુરાવો રેકર્ડ

પર ઉપલબ્ધ થઇ શકેલ નથી. ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ દિનેશ હરીશભાઇ મારુનો પુરાવો વંચાણે લેતા ફરીયાદીને બકાલાની લારીવાળા સાથે ઝઘડો થયેલ હોવાની હકીકત જણાવે છે પરંતુ ઝઘડો થયેલ તે વ્યકિતને જોયે તેઓ ઓળખતા નથી તેવુ જણાવે છે અને આ સાહેદ પણ બનાવના નજરે જોનાર સાહેદ નથી તેમજ બનાવ કોની સાથે બનેલ તેની પણ તેઓને ખબર નથી તેવી હકીકત જણાવે છે. આમ ઉપરોકત સાહેદો નો પુરાવો વંચાણે લેતા હાલના આરોપીઓને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ મેડીકલ ઓફીસરનો પુરાવો વંચાણે લેતા ફરીયાદી તથા સાહેદને થયેલ ઈજા સાદી ઈજા હતી.વધુમાં ડોકટર સમક્ષાની હીસ્ટ્રી ઘ્યાને લેતા પણ કોઇ આરોપીનું નામ જણાવેલ નથી. અજાણ્યા માણસ એવો ઉલ્લેખ છે. આમ મેડીકલ એવીડન્સને આધારે પણ હાલના આરોપીઓ સામેના આક્ષેપો સ્પષ્ટ રીતે પુરવાર થતા નથી. વધુમા આ કામે તપાસવામાં આવેલ બનાવવાળી જગ્યાના તથા અટક પંચનામાના પંચ સાહેદો પંચનામાની હકીકતોને સમર્થન આપતા નથી જેથી ત.ક.અ.શ્રી દ્વારા કરવામાં આવેલ પંચનામાની હકીકત પુરવાર થતી નથી. આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લ ેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ

હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતા પુરવાર થતી નથી. આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ મીરાબેન હરીભાઇનો પુરાવો વંચાણે આંક–૬૧ નું જાહેરનામુ બનાવના અરસામાં અમલમાં હોવાની હકીકતને સમર્થન મળે છે પરંતુ તેવા કહેવાતા જાહેરનામાનો ભં ગ હાલના આરોપીઓએ કરેલ હોય તેવી હકીકત પુરવાર થતી નથી.

(૨૦) આમ આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સં હીતાની કલમ– *૩૨૩, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) ૩(૨)(૫–એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદ્દા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદ્દા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આ ખ રી હુ ક મ :**

૧. આ કામના આરોપી ૧. મનસુખભાઇ જેઠાભાઇ મકવાણા, (એબેટ) ૨. મનીષ મનસુખભાઇ મકવાણા ૩. વિશાલ ઉર્ફે મુકેશ સુનીલભાઇ પરમાર ને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૧૧૪ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર), ૩(૨)(૫–એ)* મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રૂા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

હુકમ આજરોજ તા.૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૭–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701